રૂપાલ ગામમાં આવેલા વડેચી માતાનો ગ્રંથ.

અથ શ્રીવરદાયની ચરિત્ર.

૫૪૩૯


વૈદ્યશાસ્ત્રી મણિશંકર સદાશંકર ત્રિવેદી

આર્ય દુઃખ નિવારણ ઔષધાલય મુ. રૂપાલ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

વિશ્વનાથ પિતાંમ્બર યાજ્ઞિક.

(૭૪)





સવૈયા છંદ.

નિશ દિન રક્ષાઓ આપી ગાજી ગણુ લેઇ સંગાથ
મન હઠે અગ્રત કરીને માતાશા તમે દૈવના નાથ
નામ આપનું વરદાયનિ તે કરીઓ પ્રગટ સાક્ષાત
થઇ પાવન પાત્ર મને સાથે રહાણુ કરશો હું મમ માત

સુરત.

એમ. જે. વોહરાવાલાના "આદર્શ" પ્રેસમાં છાપ્યું

ઈસ્વીસન ૧૯૦૩.

કિંમત બે આના.

વીજ્ઞપ્તી પત્ર.



માજી વરદાયનીના અસલ નામ ઊપરથી હાલ વર દક્ષિણી માતા છે અને પંચણસીને ઠેકાણે હાલ લોકો તેને પલ્લી કહેછે: હાલ કળીયુગ છે. તેથી માજીની મુર્ત્તિ ધાતુની છે અને પલ્લી ખીજડાની બનાવવામાં આવેછે. માજીનું સ્થાન રૂપાલ ગામમાં ગામની દક્ષિણ બાજુએ છે. રૂપાલ ગામમાં દોઢ હજાર ઘરની વસ્તીછે તેમાં બ્રાહ્મણ, અને પાટીદારની સંખ્યા વિશેષછે, તેથી ઉતરતા વાણિઆ ને ત્યાર પછી બીજી પરચુરણ જાતની વસતી છે. એકંદર ૫૦૦૦ પાંચ હજાર માણસની વસતીછે. માજીનો મેળો આસોસુદી ૯ને દીવસે નવનવરાત્રી પુરાં થાએજ ભરાયછે. નવરાત્રી વધતું હોય અથવા ઘટતું હોયતો પણ નવરાત્રીએ ભરાયછે. તેમાં દસ પંદર હજાર માણસો ભેગાં થાયછે અને માજીનો મહોત્સવ તથા પલ્લી ભરાયછે. પલ્લી ઊપર આશરે ૫૦૦) મણ ઘી ચડતું હશે એ બરોબર ખાત્રી પુર્વકછે. માજીની ધાતુની મુરતી ચાવડાના ઘરમાં છે. તે ચાવડો માજીનો સેવકછે.

લી. વૈદ્યશાસ્ત્રી મણિશંકર સદાશંકર ત્રિવેદી.

નહીં ખરીદો તો ખેર પણ વાંચી તો જુઓ.

	રૂ.આ.પા.	પોસ્ટેજ
કુંવર વર્ણન ભાગ પહેલો તથા બીજો	૨-૮-૦	૦-૧-૦
બ્રીટીશ વિજય	૦-૪-૦	૦-૦-૬
વહેમ ખંડન પોથી	૦-૧-૦	૦-૦-૬
દોરાંયા નિષેધ નિબંધ.	૦-૮-૦	૦-૦-૬

ગંગાભાઈ ભાણુશંકર

માણસા કન્યાશાળાના હેડમીસ્ટ્રેસ.

નહીં વાંચો તો પસ્તાશો.

જો તમારે સફાઈ ભરેલા અને શોભાયમાન રબ્બર સ્ટેમ્પ કરાવવા હોયતો નીચેનું સરનામું યાદ કરો. નમુનાનું ફોરમ મફત મોકલવામાં આવશે.

હરજીવન પુરૂશોત્તમ શુક્લ-કઠલાલ.



જો તમારે જીંદગીનો અદ્ભુત ચિતાર જોવો હોય તો નીચેનું પુસ્તક ખરીદ કરો.

નાગાર્જુન કૃત યોગ રત્નમાળા.

ઉત્તમ કાગળ, ઉત્તમ અક્ષર, અને ઉત્તમ પુઠાં સાથે તેમાં એક હજાર કરતાં પણ વધારે બાબતોથી છપાવી બહાર પાડવાનો વિચાર છે. શું વિચાર કરો છો ખડીઓ કલમ હાથ લઈ તમારૂ સરનામું લખી મોકલો જુઓ (૧)ની કીમતમાં કેટલી અમુલ્ય વસ્તુ આવે છે. પાછળથી પસ્તાશો. પોસ્ટેજ જુદું પડશે.

વૈદ્ય શાસ્ત્રી મણિશંકર [illegible] ત્રિવેદી

આર્ય કુમનિવારણ ઔષધાલય મુ. રૂપાલ પોસ્ટ—[illegible]

૫૪૩૧

રૂપાલ ગામમાં આવેલા વરદાયી માતાનો ગ્રંથ.


અથ શ્રી વરદાયની ચરિત્ર.



બનાવનાર

વૈધશાસ્ત્રી મણિશંકર સદાશંકર દ્વિવેદી

આર્ય દુઃખ નિવારણ ઔષધાલય મુ. રૂપાલ.



છપાવી પ્રસિધ્ધ કરનાર

વિશ્વનાથ પિતાંમ્બર યાજ્ઞિક.



સવૈયા છંદ.

વિશ્વ વિશે રચાંછો વ્યાપી ગારી ગણુ સેઇ સ ગાથ
સ્વ હસ્તે જગત કરીને સતોશા તમે દેવના નાથ
નામ આપનું વરદાયનિ તે કરોછો પ્રગટ "સાક્ષાત
થઇ પ્રસન પોતે મન સાથે રક્ષણ કરશો હે મમ માત

સુરત.

એમ. જે. પોષ્ટવાલાના "ખોદાબક્ષ" પ્રેસમાં છાપ્યું

ઇસ્વીસન ૧૮૯૩.




કિંમત બે આના.

જાહેર ખબર.

આ ચોપડી કર્તા મણિશંકર સદાશંકર પાશેથી તથા વીશ્વનાથ પીતામ્બર યાજ્ઞીક પાસેથી રોકડી કીંમતે મોકલવામાં આવશે. કર્તાનો હક સ્વાધીન રાખ્યો છે માટે કોઇએ છપાવવી નહી તા. ૧૯ સપટેમબર સને ૧૮૯૩.

વિશ્વનાથ પિતાંબર યાજ્ઞિક ભેરૂ શાળાના મહેતાજી.



જાહેરખબર નીચે નજરતો કરો ખરા.

પાચન ગુટીકા -ગમે તેવો અજીર્ણોશ વિકાર હશે પણ એક ઘડીમાંશાં ના થઇ જશે કીંમત ડબાના રૂ ૦।।

નેત્રાંજન ગુટીકા—ફાંસ, પડળ, ફુલું, તીમર વિગેરેના ઝપાટા બંધ નાશ કરી આંખને નીર્મળ કરી તેજને વૃદ્ધિ આપેછે કી. રૂ ૦।।।

વસંતમાલિની—એ નામની ગુટીકા અત્યંત ફાયદા કારક છે ગરીબ અને તાલેવરને ઉપયોગી થઇ પડે માટે તેની કીંમત જુજ રાખીછે. ચંદ્રપ્રભાકર, જુનો પ્રમેહ, ધાતુસ્ત્રાવ વિગેરેને અટકાવી કબજે કરેછે. શું જોઇ રહ્યાછો મંગાવો કીંમત તોલા. રૂ ૨)

જ્વરાંતક—એ નામની દવા, ચોથીઓ, આંતરીઓ, હાડીઓ વિગેરે તમામ તાવને કબજે કરી દે છે. એ સિવાયની બીજી એટલે, દાદરની દવા, ચાંદીનો મલમ વિગેરે તમામ નીચેને ઠેકાણે રોકડી કીંમતે મળશે.

જ્યોતીસ.

એ નામની નાનકડી ચોપડી અમારી તરફથી થોડી મુદતમાં ગુજરાતી ભાષામાં બહાર પડવાની છે તેમાં વગર ભણ્યે ગ્રહ જોતાં પ્રશ્નમુહુર્ત, મુહુર્ત જોતાં, વર્ષ ફળની સમજુતી વિગેરે બાબતથી ભરપુર કીંમત રૂ ૦ ૮ ૦ આવા અમુલ્ય પુસ્તકની કીંમત જુજ રાખી બહાર પાડવા વિચારછે.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર સદાશંકર ત્રીવેદી.

ઠાં. ખનિવારણ ઔષધાલય મુ. રૂપાળ પોસ્ટ—રૂપાલ.

અથ શ્રી વરદાયનિ ચરિત્ર પ્રારંભ

પેહેલુ ચરિત્ર સતયુગનુ.

ગરબો ૧ લો.

કળજુગનો પડછો કહું હો અંબિકા સાભળજ્યો જન જાત-એ રાગ

સરસ્વતિ માતને વિનવુ વરદાયનિ ગણપત લાગુ પાય,
દયા કરી કર ઝાલો વરદાયનિ જેથી ગુણ ગવાય
નારાયણની નાભી થકી વરદાયનિ બ્રહ્મા પ્રગટ થાય,
બ્રહ્માના બે છોરૂવા વરદાયનિ સ્વાયંભુ શતરૂપા થાય.
વિષ્ણુના કર્ણથી ઉપજ્યો વરદાયનિ દુર્મદ નામે અસુર,
કોટી કોટી હસ્તી તણું વરદાયનિ મહા બળથી ભરપુર.
તે અસુર ઉડયો આકાશમા વરદાયનિ ગયો જ્યાં બ્રહ્મ લોક,
ઇંદ્ર, આદિત્ય, વરૂણ તણે વરદાયનિ પ્રગટયો ઘણેરો શોક.
દેવ સહિત બ્રહ્મ લોકને વરદાયનિ માર્યો ઘણેરો માર,
ત્રાહે ત્રાહે મૂખે કરે વરદાયનિ કોણ રક્ષા કરો આ વાર.
દેવ ને દાનવ બાંધીને વરદાયનિ લાવ્યો પ્રથ્વી માંય,
કારાગ્રહમાં નાંખીઆ વરદાયની કોણ કરે તેમની સહાય
બ્રહ્માને ઊંધે માથે ટાંગીયા વરદાયનિ દેવ પામે દુઃખ અપાર,
કષ્ટ પામતા દેવતા વરદાયનિ સ્તુતિ કરે જુગદાધાર.
બ્રહ્માની સ્તુતિ સાંભળી વરદાયનિ પ્રસન થયા મહારાજ,
બ્રહ્મા કહે હો શ્રીપતિ વરદાયનિ દુર્મદ દે દુઃખ અપાર,
માટે સહાય કરો પ્રભુ વરદાયનિ દેવની કરશો વહાર.
શ્રીપતિ કહે બ્રહ્મ સાભળો વરદાયનિ મારૂં નહીં ચાલે જોર,
દૈત્ય દુર્મદ છે મદભર્યો વરદાયનિ કાળજુ તેનું કઠોર.
માટે સ્તુતિ કરો દેવીની વરદાયનિ સહાય કરશે એ માત.
સ્તુતિ સૂણીને દેવી આવશે વરદાયનિ દૈત્યનો કરશે નિપાત.
શ્રીપતિએ મંત્ર શીખવ્યો વરદાયનિ કમળ નયનને આપ,
વિધી બતાવી સ્થાને ગયા વરદાયનિ બ્રહ્મા જપે છે જાપ,
સ્તુતિ સુણીને દેવી આવીયાં વરદાયનિ વરદાન આપવા કાજ
બ્રહ્મા તમને પ્રસનછું વરદાયનિ વરદાન માગો આજ.
વરદાન આપવા આવીયા વરદાયનિ પાડયું વરદાયનિ નામ,
દેવોનું દુઃખ કાપવા વરદાયનિ પોતે ધરી છે હામ.
હંસ વાહની ચતુર્ભુજ્ને વરદાયનિ શંખ કમડળ હાથ,
ત્રીજે સુદર્શન ધારીયુ વરદાયનિ જપમાળ ચોથે હાથ.

આવું સ્વરૂપ જોઈને વરદાયનિ દેવ હરખ્યા અપાર,
બ્રહ્મા કહે જગદીશ્વરી વરદાયનિ દૈત્ય દુઃખ દે અપાર.
માટે હે માતુશ્વરી વરદાયનિ કરો અમારી સહાય.
નારાયણી દૈત્ય અરિ વરદાયનિ ખરો આશરો છે માય.
સ્તુતિ સુણી દેવની વરદાયનિ પ્રસન થયાં પછી માત,
દેવોનું રક્ષણ કરી વરદાયનિ દૈત્યનો કરૂં નિપાત.
દંડિકારણ્ય ક્ષેત્રમાં વરદાયનિ દુર્મદનો વાસ જ્યાંય,
પોતે જગદંબા આવિયાં વરદાયની દૈત્યની સનમુખ ત્યાય.
દેવીએ રૂપ પ્રકાશીયુ વરદાયનિ દેવનું કરવા કામ,
અંગથી શક્તિ પેદા કરી વરદાયનિ તેનાં સુણજો નામ

ઇંદ્રાણિ ભ્રકુટીથી થઇ વરદાયનિ ત્રિનેત્રા નેત્રથી જાણ
કપાળથી થઈ કાળીકા વરદાયનિ હોઠથી હીંગળાજ પ્રમાણ.
દંત થકી રક્ત દંતિકા વરદાયનિ જીભથી સરસ્વતિ માત,
કંઠ થકી નળ કુમરિ વરદાયનિ સ્તનથી ગુહ્યેશ્વરી જાત.
કક્ષથી બગલા ઉપજ્યાં વરદાયનિ દંડિકા હાથથી અનુપ,
આંગળીથી થયા અંબિકા વરદાયનિ એમ થયો અતિ રૂપ.
નવ કોટી શક્તી મળી વરદાયનિ દુર્મદ સાથે માંડ્યું યુદ્ધ,
વાહન આયુધ જુજવાં વરદાયનિ રૂપ કળા અતિ શુદ્ધ.
ભગવતી રૂપ ભૈરવી થઈ વરદાયનિ ચક્ર તે લીધું હાથ,
હંસ ઉપર આપે ચઢી વરદાયનિ કંપ્યો અસુરનો સાથ.
દોડ દેઈ ચક્ર મારીયું વરદાયનિ પડયા અસુર ક્ષણ માંય,
દુર્મદને પાજે કર્યો વરદાયનિ જયજય થઇ રહ્યો ત્યાય.
બ્રહ્માએ સ્તુતી કરી વરદાયનિ વર્તો જયજયકાર,
દેવ સકળ સુખ પામીઆ વરદાયનિ અંબાને આધાર.
આદિ ચરીત્ર એમ આગમું વરદાયાન ગાય શીખે નરનાર,
ઈચ્છા પુરી એની કરે વરદાયનિ નોધારાના આધાર.
મણિલાલ સેવક તાહરો વરદાયનિ ઉતારો ભવ પાર.
ઇતિશ્રી વરદાયની પ્રથમ ચરિત્ર સંપુર્ણ.

ત્રેતાયુગનું ચરિત્ર.

અથ શ્રી દ્વાતિ ચરિત્ર પ્રારંભ


ગરબો ૨ જો.

[illegible] માત જોવાને જઈએ—એ રાગ.

[illegible] પુન [illegible], દીસે સુદ્યાળા, [illegible] દીસે [illegible],

સુધબુધ વાળા નારાયણીનુ નામ લેતાં પાપી પાવન થાયરે,
સરસ્વતિનું સ્મરણ કરેથી ભવના બંધન જાય—જય વરદાયનિ.
બીજુ ચરિત્ર કહુ માત તણું, ને હૈએ હરખ અપાર રે,
ત્રેતા યુગમાં જે બન્યું, તેનો કરૂ વિસ્તાર—જય વરદાયનિ મા,
અયોધ્યપુરના રાય દશરથ, તેના પુત્ર શ્રીરામ રે,
દાનવ કુળનો પ્રલય કરવા, પ્રગટ થયા તે ઠામ—જય૦
પિતા તણું વચન પાળવા, પોતે નીકળ્યા વન રે,
દંડિકારણ્ય ક્ષેત્રમાં આવ્યા, મનમાં થતા મગન—જય૦
શ્રૃંગી રૂષીને આશ્રમે આવી, રૂષીને લાગ્યા પાય રે,
બ્રહ્મ જ્ઞાની પ્રસન થયા પછે, બોલ્યા મુખે ત્યાય—જય૦
રૂષી કહે રઘુરાયને તગે, સાંભળો જગરાય રે,
આ ક્ષેત્રમા વરદાયનિ છે, તેમનો ઘણો મહેમાય—જય૦
માટે ચાલો માજી પાસે, પસન થશે વરદાઈ રે,
મનના મનોરથ પુરણ કરશે, એવા છે સુખદાઈ—જય૦
રૂષી સાથે ચાલ્યા પોતે, હૈયે હરખ ન માય રે,
માજીની સન્મુખ આવીને પોતે લાગ્યા પાય—જય૦
પાયેલાગી સ્તુતિ કરી, ત્યારે પ્રસન થયાં વરદાઈ રે,
વચન આપુ મુજ તણું ને, મારા કરીને થાપુ—જય૦
રઘુવીર કહે વરદાયનિ મા, શું માગું તમ પાસ રે,
કૃપા કરીને આપો મુજને, હું છુ તમારો દાસ—જય૦
દેવીએ ત્યા પ્રસન થઈને, છાતી સાથે દબાવ્યા રે,
પુષ્પની ત્યા વૃષ્ટી થઈ ને, આકાશે દેવ આવ્યા—જય૦
ખુશી થઈ માતાજીએ ત્યા, દિવ્યાસ્ત્ર આપ્યુ બાણ રે,
દેવી ભક્ત હશે બલે પણ આનાથી તજશે પ્રાણ—જય૦
માજીનું વચન માથે ચડાવી, રઘુવિર ત્યાથી ચાલ્યા રે,
ફરતા ફરતા રઘુપતિ પોતે, લંકા મધ્યે આવ્યા—જય૦
લંકામાં આવી યુદ્ધ કર્યું રાવણ સાથે જ્યાંય રે,
દાનવની તો જીત થઈ, રઘુવિર હાર્યા ત્યાંય—જય૦
રામને ત્યાં સ્મરણ આવ્યું, વરદાયનિનુ બાણ રે,
અસ્ત્ર કાઢી મેલ્યું તતક્ષણ, રાવણ તજીઓ પ્રાણ—જય૦
રાવણ દેવી ભકત હતો પણ, દેવનું કરવા કામ રે,
વરદાયનિના અસ્ત્રે કરીને, પામ્યો ત્યાં સ્વધામ—જય૦
બીજુ ચરીત્ર કહ્યું માતાનું જે ગાયે સુણે કાન રે,
વરદાયનિ પ્રસન થઈને આપે સુખ સંતાન—જય૦

રૂપાલ ગામનો વાસી હું ને, શંકર કેરો તન રે,
મણિશંકર બ્રાહ્મણ ઓદીચ, માજી ઉપર મન—જય૦
વિશ્વનાથ પિતામ્બર જાની, સેવક માજી મારો રે;
દયા કરી દીન ઉપર અંબે, પ્રસન થવા વિચારો—જય૦
ઈતિશ્રી વરદાયનિ દ્વીતિય ચરીત્ર સંપુર્ણ,



અથ ત્રિજું ચરિત્ર દ્વાપરયુગનું પ્રારંભ

ગરબો ૩ જો.

જૂગ દેવા જશ ગાઈશું મહાકાળી રે—એ રાગ,
ગણપતીને પાએ પડુ વરદાયનિ રે લક્ષ્મી વર કરજો સહાય રે.
સુખદાયનિ રે.

ત્રીજું ચરીત્ર કહું માત તણું વરદાયનિરે દ્વાપરયુગનો મહિમાય રે-સુ.
ધતરાષ્ટ્ર પાંડુ વિદુરજી વરયદાનિ મળ્યું પાડુ રતને રાજ રે—સુખ૦
ધતરાષ્ટ્રને સુત સો થયા વ૦ ગયા પાંડુ યાત્રા કાજ રે—સુખ૦
ત્યાં તેને પુત્ર પાંચ થયા વ૦ જાણી કૌરવે વાત રે—સુખદા૦
દુરજોધન ગાદી બેઠો વ૦ મુવા વિદેશ પાંડવ તાંત રે—સુખ૦
રાજ ન આપ્યું દુરગતીએ વ૦ પાંડવ કાઢયા વનવાસ રે—સુખ૦
બાર વરસ વનમાં જવું વ૦ રહેવું ગુપ્ત વરસ એક વાસ રે—સુખ૦
પાંડવ ચાલ્યા વન વિષે વ૦ એમ વીત્યા વરસ દ દસ રે—સુખ૦
સરસ્વતી તિરે આવીયા વ૦ હવે જવુ છે દક્ષિણ દેશ રે—સુખ૦
પાચ બંધુ બેઠા સભા ભરી વ૦ હવે ગુપ્ત રહીશું કેમ રે—સુખ૦
એવામાં નારદ આવીયા વ૦ સૌ બેઠા કુશળ ખેમ રે—સુખ૦
નારદ વાણી બોલીઆ વ૦ તમે સાંભળો પાંડુ તન રે—સુખ૦
ઉપાસના કરો દેવની વ૦ તેથી તમને થાશે પ્રસન રે—સુખ૦
ચાલો મમ સાથે બતવાનું વ૦ કાંઈ ઉપાય બતાવે અંબ રે—સુખ૦
સેવા કરતા રૂષી તણી વ૦ બહુ પ્રસન થયા બ્રહ્મ તેજ રે—સુખ૦
માજીને સ્થાનક આવીને વ૦ ઘણી સ્તુતિ કરે બાહ્ય પાંચ રે—સુખ૦
પ્રસન થઈ તમ ઉપરે વ૦ તમને નહિં આવે આંચ રે—સુખ૦
માગ માગ્યા મહિપાલે વ૦ આપુ મનવાંછિત [illegible] આજ રે—સુ૦
પાંડવ વાણી બોલીઆ વ૦ કરી [illegible] [illegible] [illegible] રે—સુખ૦
[illegible] રહેવું [illegible]

પટકુળ આપ્યાં પાંચને વ૦ જેનો મહિમા અપરમપાર રે—સુખ૦
શિવ બ્રહ્મા ને વિષ્ણુ તે વ૦ નવ જાણે ભેદ લગાર રે—સુખ૦
શણગાર ઉતારી અંગથી વ૦ પહેરી લીધા પટકુળ રે—સુખ૦
રૂપ બદલીયું તરત ત્યાં વ૦ નવ ઓળખે કોઈ સુર રે—સુખ૦
વૃકોદર વાણી બોલીઓ વ૦ હવે આજ્ઞા દ્યો એમ માતરે—સુખ૦
એક હાર આપ્યો અતિ હેતથી વ૦ પછી માતા કહે છે વાતરે—સુખ૦
જયમલ નામે જોદ્ધો છે વ૦ તે યુદ્ધ કરશે તમ સાથ રે—સુખ૦
તે વેળા હાર પહેરી તમે વ૦ કરજો જયમલની ઘાત રે—સુખ૦
પાએ પડી પાંડવ ચાલીઆ વ૦ ટેક રાખી માતાની સાથ રે—સુખ૦
રાજ્ય મળે પંચ બલી કરીશું વ૦ માટે કરજો માજી સહાય રે—સુ૦
પાંડવ પોતે પરવર્યા વ૦ આવ્યા વૈરાટપુર હદ માંય રે—સુખ૦
આભુષણ, હથિયાર, પટકુળ ને વ૦ મેલ્યા વૃક્ષની માંયરે—સુખ૦
વૈરાટપુર વસ્યા પછી વ૦ વિત્યો સંવત્સર એક રે—સુખ૦
જયમલ આવ્યો શોધ કરતો વ૦ વૈરાટ નગરમાં છેક રે—સુખ૦
જોદ્ધો માગ્યો યુદ્ધ કરવા વ૦ વૈરાટે જાણી વાત રે—સુખ૦
ભીમે જઈ ચકચુર કર્યો વ૦ ગઈ હસ્તિનાપુર વાતરે—સુખ૦
પણ વર્ષ પુરાં થઈ રહ્યાં વ૦ પાંડવ આવ્યા નિજ દેશ રે—સુખ૦
પટકુળ ઉતારી અંગથી વ૦ જુનાં પહેર્યાં દીસે સુભ વેશરે—સુખ૦
આદી સ્વરૂપથી ઓળખ્યા વ૦ ગયા હસ્તિનાપુર માંહ્યરે—સુખ૦
કૌરવ ઉપર ફેર કર્યા વ૦ જીત્યા પાંડવે ત્યાંહ્ય રે—સુખ૦
રાજ ચલાવ્યું રૂડી રીતથી વ૦ પછી આવ્યા નારદ મુન્યરે—સુખ૦
વાત કરતાં દેવી સાંભર્યાં વ૦ પાંડવો થયા મન શુન્ય રે—સુખ૦
નારદ સાથે પાંડવો વ૦ આવ્યા દેવી સ્થાનક જ્યાંહ્ય રે—સુખ૦
પંચ બલી કરી પાંચે મળી વ૦ મુર્તી પધરાવી ત્યાંહ્ય રે—સુખ૦
દેવી સ્થાપન ત્યારથી વ૦ તે પહેલા હતા સાક્ષાત રે—શુખ૦
પંચબલી કરી સોનાની વ૦ મણિમય પ્રતિમા ખચીતરે—શુખ૦
પાંડવ સીધાવ્યા નિજપુરમાં વ૦ પછી થઈ છે લીલા લહેરરે—શુખ૦
ભાવ સહિત તે સાંભળે વ૦ કરે તેના ઉપર મહેર રે—શુખ૦
મણિલાલ સેવક તાહરો વ૦ જુઓ નજર રાખી હેમરે—શુખ૦
દાસ જાણી દયા કરી વ૦ સૈ રાખજો કુશળ ક્ષેમ રે—શુખ૦

સંપૂર્ણ.

અથ ચતુર્થ ચરિત્ર કળીયુગનું પ્રારંભ.

ગરબો ૪ થો.

સારૂ સારૂ રે સુરત શેહેર મુબઈ અલબેલી—એ રાગ

શ્રી માતા સરસ્વતિને પ્રેમે લાગું પાય રે,
અવિચળ વાણી આપ જેવામા ગુણ તમારા ગવાય-વડેચી અલબેલી
નામે નગર છે સિધપુર પાટણ, કરણ રાય રાજન રે,
અતિ નામાંકિત સ્વરૂપ મય, સિદ્ધરાજ તેહનો તન—વડેચી.
નાનો બાળક મુકી પડીઆ, કરણરાયને કર્મે રે,
સ્ત્રી તે તેનું રાજ્ય ચલાવે, સેના બળના ભર્મે—વડેચી.
બાળક નાનો મોટો થયોને, વર્ષ થયાં દશ બાર રે,
રાજમાતા દેશાટન કરવા, ચાલી દેશ મોઝાર—વડેચી
માતા અંબા શામળાજી, કાળિકા નર્મદા તિર રે,
વિશ્વામિત્રી મહી ઓળંગી, આવ્યા સાબર નીર—વડેચી.
વિરમગામ આવ્યા પછી, જૂનાગઢ જાવા વળીઆરે,
તેવામાં સિદ્ધરાજને ત્યા. નવા સમાચાર મળીઆ—વડેચી.
દેશ માળવા ધારા નગરી, યશોવર્મા રાજન રે,
દેશ લેવા ગુજરાતજ આવ્યો, આપ્યું વજીરે ધન—વડેચી.
નજરાણું આપીને વજીરે, પાછો વાળ્યો પ્રીતે રે,
ખબર મીનળદેવીને કહેવા, ખેપીઓ મોકલ્યો બીને—વડેચી.
વાત સાંભળી સિધ્ધરાજે ને, કોપે ભરાણી કાય રે,
તલવાર, કટારી, ધનુષ્ય બાણ તે, લેઇને ઉઠીઓ રાય—વડેચી.
સિધ્ધરાજ તણું સ્વરૂપ દેખી, માતાએ નિરખાવી રે,
હશે ભાઈ તું નાનો છે એમ, અવળી બુદ્ધિ બતાવી—વડેચી.
સિદ્ધરાજ કહે જો કેસરી નાનો, મોટા ગજને પછાડે રે,
નાના વિંછી ડંશ કરે તો, મોટા જમો પાડે—વડેચી.
જળનો લોટો લાવી તેણે, કામજ કેવું કીધું રે,
જમણે હાથે પાણી લેઈને, પણ ત્યાં પોતે લીધું—વડેચી.
યશોવર્માને સિક્ષા કરૂં હું. પીઊં પાણી જ્યારે રે,
અન્નજ ત્યારે ખાવું મારે, શિક્ષા કરૂં હું ત્યારે—વડેચી,
હા કહી માએ હાથજ ઝાલ્યો, દીકરા આશું બોલે રે,
સેના એની જબરી તું ક્યાં, આવે એને તોલે—વડેચી.
દેશાટન પડતું મુકીને, ચાલ્યો પાટણ પુર રે,
...જ ... પંદર ... સેના સાથે ...—વડેચી.

હંડિકારણ્યમાં આવી મૂકામ કીધો બેશ રે,
સેના ત્યાં તૈયાર કીધી. ન્યુન ન રાખીં લેશ—વડેચી.
એક દીવસ એમ વહી ગયો, ત્યાં થયો બીજો અપવાસ રે,
સેના ત્યાં ભૂખી માતાને પડીઓ મનમા ત્રાસ—વડેચી
રાત સમે સૌ સેના સુતી ધાર્યો મન વિવેક રે,
બાળક બુધ્ધિ રાજાની તે નથી છોડતો ટેક—વડેચી.
સેનાની પશ્ચિમ બાજૂએ દેવિ દેવળ દીસે રે
શિખર સોનાનુ બાંધ પડ્યુ છે જીર્ણ થયુ અતિશે,—વડેચી.
એવામા એક બેઠા થયા, સિદ્ધરાજ થયો છે બેઠો રે
રથ સુંદર છે ભાનુ જેવા દેવળ મધ્યે પેઠા—વડેચી.
આ ગાતકથી નાડકીઓ. છે વિરતણો મહા વિર રે,
રથની સાથે મંડપમાં તે. પેઠા ધરી મન ધીર—વડેચી.
આગલ જાતા કાંઈ નવ ભાળ્યુ. પતિજ મનમાં આવી રે,
વિચાર મન સાથે કર્યો જે. દેવી છે કોધ ચડાવી—વડેચી.
માની પાસે જઈને તેણે, માંડી કહી છે વાત રે,
એ માટે અપવાસ થયા છે, હવે કરીશું સાત—વડેચી.
ટેક રાખી દેવીની ઉપર, સુતાં સ્વપ્નું થયુ રે,
શુ સુતો પાટણુ પતિલ્યા, બળ તારૂં ક્યા ગયું—વડેચી.
છાણ તણો કર કોટ અને વળી, માટીનો રાજંન રે,
મુસ્તક તેનું ઊડાડી, કર ભાવતુ ભોજન—વડેચી.
ઝબકીને ઝટ જાગી ઊઠ્યો માતાને કહી વાત રે,
જાગી સેના છાણ માટીનો, કોટ કર્યો પરભાત—વડેચી.
રાજા કીધો માટીનો, ઝટ મુસ્તક નાખ્યુ કાપી રે,
જમ્યો રાજા સેના ને, જમવાની રજા આપી—વડેચી.
નવરાત્રી બેઠા ત્યાં પોતે, પ્રસન થયાં છે માય રે,
આશિર્વાદ લેઈને રાજા. યુધ કરવાને જાય રે—વડેચી.
પાચ દીવસે આવ્યો નગરમા સદેશો ત્યાં કહાવ્યો રે,
સેના સાથે ધારાપતી પણ યુધ્ધ કરવાને આવ્યો—વડેચી.
સામાસામી યુદ્ધ કરે છે, સેના ગયની સાથે રે,
દેવ દેવી પીર પેગંબર, આવી ઉભા આકાશી—વડેચી.
પ્રધાન ધારાપતિનો તેણે, ખડગ હાથમાં ધરિયું રે,
હસ્તિપર ચડીને પોતે, સિદ્ધરાજપર વાપરયું—વડેચી.
ઘાવ પડ્યો સિધરાજની ઉપર, ચડી અતિશે રીસ રે,
ખડગ ઝાલી છેદીયું ત્યાં, પ્રધાન કેરૂં શીશ—વડેચી.

નાઠી સેના પુરની મધ્યે રાયે દીધા દરવાજા રે,
કોટ કાંગરા તોડે છે, પાટણ પતિના મલ તાજા—વડેચી.

બાર વરસ ત્યાં યુદ્ધ કરીને, દેશને તાબે કીધો રે,
ધારાનગરને લુટાવ્યુ, રાજાને પકડી લીધો—વડેચી.

ત્યાંથી આવ્યો પાટણમાં, વધાવ્યો આનંદભેર રે,
ધારાપતિને કેદમાં નાખ્યો, થઈ છે લીલા લેહેર—વડેચી.

જીર્ણ થયું દેવળ માતાનું, નવું બનાવ્યું બેશ રે,
સોહીન મુર્તિ સોનાની તે, દીસે બાળો વેસ—વડેચી.
દેવી પરાક્રમ અટપટા છે, જે કોઈ ચિત ધરી ગાસે રે,
મનવાચ્છીત ફળ પામીને, છેવટે વૈકુંઠ જાશે—વડેચી.
રૂપાલ ગામનો વાશી હું ને દેવી તન મન ધન રે,
ગરબો ગાયો પ્રીતેથી, માજીના ઉપર મન—વડેચી.

ઈતિશ્રી વરદાયનિ ચતુર્થ ચરિત્ર સપુર્ણ.



નવરાત્રીની શોભાનો પલ્લીનો

ગરબો ૫ મો.

રાગ સોળંકીના ગરબાનો.

પ્રથમ આરાધું ઉમ્યા ઈશ, મને સહાય કરજે જગદીશ રે.
સુખદાઈ પલ્લી માત.
ઉમા સુતના પાએ લાગું, દેવી સરસ્વતિને હું આરાધું રે—સુ.
રૂડી ગુણવંતી ગુજરાત, તેના જીલ્લા ઠરાવ્યા છે સાત રે—શુ.
પહેલો જીલ્લો વડોદરા ભણું, રાજ સુંદીર શીયાજીરાવ તણું રે—શુ.
એના ચાર પ્રાંત કર્યા સહી, કડી તાબામાં કલોલ રહી રે—સુ.
તેના તાબે ગામ રૂપાલ ભણીછે, જેને માથે માત વડેચી ધણીછે રે—શુ.
બાળી બહુચરા ને અંબિકા જેમ, કાળી કાળીકા ને વડેચી તેમ રે—શુ.
માની શોભા થી મુખે વખાણું, જોઈ નવરાત્રીનું ટાણું રે—શુ.
દેવી દર્શનથી હર્ષ ઘણો થાય, આઠ દીન આનંદમાં જાય રે—શુ.
પ્રથમ પલ્લી આઠમની જે થાય તેતો બોરીજ માતાએ જાય રે—શુ.
વેણા બાકમાં ઉત્પન્ન થઈ, ફરી આંટા ચોકાગીમાં ગયરે—શુખ.
મહોંચ્યા મંડપમાં આનંદ થાય, એમ આઠમનો દીન વહી જાયે રે—શુ.
નોમનુ સવાર થયું—જ્યરે. લોક જાગીને ઉઠીઆ ત્યારે રે—શુ.

દાતણ પાણીને સ્નાન કરી લીધાં, પછે નોમનાં પારણાં કીધાંરે-શુ.
પહોર દીવસ ચઢીયો જ્યારે, સવિ મળી નીકળી ઘર બહારરે— શુ.
ધીના દીવા શ્રીફળ લેઈ હાથે, કંઇએ લીધા જવેરા માથેરે—શુખ.
સઉ સાથે મળી ગીત ગાય, પેલા જવેરા નાંખવાને જાયેરે—શુ.
માનું સરોવર ભર્યું છે જ્યાંહે, જય ગોવાળી નાંખીઆ તે માંહેરે--શુ.
સૌ દર્શન કરીને ઘેર જાય, એમ આઠમો દીવસ વહી જાયરે—શુ.
બાર પ.ગવાનો અમલ થાય સુખી ઘેરથી ચોરે જાયરે—શુ.
પછી હવાલદાર ઢેડ લાવે, પછી ગડવાને ખીજડો વઢાવેરે—શુ.
મોટે માઢ લઈ નાંખીઆ એ પેર, પછી ઢેડ ગયા પોતાને ઘેરરે-શુ
ઢેડ ગયા ને સુતાર જાગ્યા, ત્યારે બાર ઉપર ઘણુ વાગ્યા રે—શુ.
કોઈ કોઈને સંદેશો ન કહાવે, ખમે ફોદાને સુતાર આવે રે—શુ.
આવ્યા સુતારને પછી ઘડાય, માના મંડપમાં શુ થાય રે—સુખ.
જૂની પલ્લીનો ડેળ કેવા કીધા, ચીરી લાકડાંન મેર રહેવા દીધા
જૂનો મેર નવી પલ્લીમાં આવે, તેની સુતાર પાસે મોકલાવેરે-શુ
પછી હવન ચાલતો કરે. માનું ધ્યાન રૂદેમાં ધરેરે—શુખદાઇ.
હવે ગામની જે ઉજળી વર્ણ, તેણે મંડળી બાંધી ત્રણ રે—શુ.
રામ ચડયા રાવણપર જેમ, જાય બીજીને તેડવા તેમ રે—શુખ,
બે મંડળી ભેગી થઈ જ્યારે જાય ત્રીજીને તેડવા ત્યારેરે—શુખ.
ત્રણ મંડળી ભેગી થઈ જ્યારે જાય બોલાવી અબેલી ત્યારે—સુ.
લાંબા સ્વરથી આપે છે માને માન, પછી કરવા માંડે ગાનરે—સુ.
ગામ લોક સહુ તૈયાર થાય, પછી મંડળી ભેગા જાયરે—સુ.
નાનાં બાલક સજીને સહુ આવ્યાં, માંહે સુખ ભોગવે દીલભાવ્યાંરે-શુ.
મોટી વાર પુરૂષ અલબેલા, જાણે ગુરૂ ગોરખના ચેલારે—શુ.
જુવાનીમાં નમ્રતા તજેલી, તેણે વાંકી પાઘડીઓ મેલીરે—સુ.
મુછ મરડે ને અંગ સામુ જુએ, હાથ સોટી રૂમાલે મુખલુએરે-સુ.
વૃદ્ધ નરના ડહાપણે હદ વાલી, જોઇ જુવાન સામું ને લેછે તાલીરે-સુ.
મધુર નારીયોનાં જુથ મળ્યાં ઝાઝાં, ગાય પુંઠે આગલ વાગે વાજારે-શુ.
રામ ઢોલ ધડધમ બહુ વાજે, ઝીણા બીગોલના સ્વર ગાજેરે—સુ.
મંડળી તણા શિપાઇ બહેરા, તેના દેખાય અદ્‌ભુત ચહેરારે—સુ.
સરકારી પોલીસ માંહે જુદી, જેના ઘોડા રહ્યા છે કુદીરે—સુ.
[illegible] નિશાન ફુએ ફરમાંહીરે-

જય બોલાવી અવાજ કીધો, માના નામનો ડંકો દીધોરે—શુ.
જય બોલાવી અંબેની જયાંહે, બધી મંડળી ચાલી ત્યાંહુરે—સુ
ઘણા લોક પરગામથી આવે, ઘણા હરે ફરે દીલભાવેરે—શુ.
અજાણ્યાને તો ગમ નવ પડે, મારે ઉંકયો તેમાંહે આથડેરે—શુ.
આ શું પલ્લી અત્યારે ભરાશે, કે શું સૈન્ય યુદ્ધ કરવાને જાશેરે—સુ.
એમ મનશું વિચાર કરે શુદ્ધ, જોઈ [illegible] રહયો દીગ મૂઢરે—શુ.
આવી અદ્દભૂત મંડલી કેવી, [illegible] દીગમ્હદીના સંઘજેવીરે—શુ.
સઉ ઝાંઝર હાથમા ઝાલે, પછી ગ બા ગાતા ચાલે રે —સુ.
માંહે અબીલ ગુલાલ ઉડે જયારે, ઘણા લોક ખુશી થાય છે ત્યારે—શુ.
ગાતા વાજતાં ગામ બહાર જાય, સઉને હેઞ્ઞ હરખ નમાયરે—સુ.
ગામ બહારની શોભા સારી, ઘણા ગામથી આવ્યાં નરનારીરે—શુ.
માનો મંડપ આવ્યો જયાંહી, બેઠા વાણિયા દુકાનો માંડીત્યાંહીરે—શુ
ત્યાંજેતો ભીડ બહુ થાય, કાચુ પોચુ તો ચગદાઇ જાયરે—શુ
ઘણી ઓ. ગે રૂડાં ગીત ગારે [illegible] મંડલી આવેરે—શુ.
જય બોલવી ડંકા બજાવી, ત્યાં શીખરે ધ્વજાઓ ચડાવીરે—સુ.
પછી દર્શન કર્યા રૂડી રીત, સહુ પ્રેમદા ગાય ત્યાં ગીતરે—શુ.
કેક હવન થાય ત્યાં બેસ, કોઇક બગીચામાં જઈ પેહારે—શુ.
કેક સરોવરમાં જઇ નહાય, કેક મંડપ બહાર જઈ ગાયરે—સુ.
કેક લઢે વઢેને બુમ પાડે, મારી ધક્કા શિપાઇ બાહર કાઢેરે—શુ.
એમ કરતાં દીવસ બેઠો મેર, સઉ વળયું પોતાને ઘેરરે—સુ.
શુતાર પલ્લી ઘડી રહ્યા જયારે, સઉ ગયા પોતાને ઘેર ત્યારેરે—શુ.
પછી હજામ ચિંતા ધરાવે, લેઈ સોટા ગોટા માઢમાં આવેરે—શુ.
બાધી સોટાને વેઠ ઉતારે, પછી કુંભાર કુંડાલાવેરે—શુ.
માળી માંડીઓ લેહને ત્યાં આવે, પચોળી ત્યાં ખીચડો બનાવેરે—શુ.
વહોરો લાવ્યો કપાશીઆ જ્યાંય, જોગી ઢોલ ત્યાંયુરે—શુ.
ત્રણ મંડળીની માંડવી ત્રણ, તેમાં ગાયછે ઉજળી વર્ણરે—શુ.
ગરબો ગાયને વાગેછે તાળી, હાંડી, ગલાસ ચંદની ભાળીરે—શુ.
ઘણા હરખે પ્રભાતે માંહે આણું, ધમકારથી ધ્રુજતી ધરણીરે—શુ.
લોક ભરાણું થયછે હાટી, માગ મળેન ઊભી વાટેરે—શુ.
ફરે ચોર ને [illegible], લુચ્ચા,ને સાધુંજન ત્યાંહરે—શુ.
કેક દર્શન કરવા આવે, કેક ચોરી કરવાનું [illegible]રે—

સરકારનો બંદોબસ્ત સારો, તેથી લોકનો રહે મલાજોરે—સુ.
એમ કરતાં થઇ છે મધ્ય રાત, ત્યાર પછી શી નીપજી વાતરે—સુ૦
પેલો ખીમડા ચડી રહ્યો જ્યારે મધ્યરાત્રીએ પ્રગટયાં ત્યારેરે—સુ.
ફરી પૂજાને આરતી વિવેક, કરી પ્રકંપ્યા ગાન ધરી ટેકરે—સુ૦
પછી ધીનાં કુલ્લાં ત્યાં લાવે, શ્રી અંબેની જય બોલાવેરે—સુ૦
પેલા ઉગમે મોટા જે જડયા, તેમાં થઇ ચાર ઉપર ચડયારે—સુ૦
એક કુલ્લુ ઉપાડયું [illegible], છાતી સરખાં લાગી બાથરે—સુ.
પેલા કુલ્લાંનું કાજ [illegible], ફરી ઉગ્માં ને તો ઢાળી દીધુરે—સુ.
પછી બોય જિનરીમાં પધરાવે, પાંચ જણે ઉપાડયા ત્યાંહરે—સુ.
પુરે પ્રેમથી બહુ ગીત ગાય, ત્યાંથી મોટા માઢ બહાર જાયરે—શુ.
દેવી ભકતોની મંડળી ફરે, માંહે જાંગે જાંગે કરે રે—શુ
આજ ધીમાં રમે છે જેમ, ફાગણ પુનમ રમે છે તેમરે—શુ.
ઘણી ભીડ તેથી માર્ગ નવ જડે તેથી પાંશરા માણસોમાં અડેરે—સુ.
અંગ ચોપડાં તેથી લોક ડરે, ઝટ જવાનો રસ્તો કરેરે—સુ.
જય બોલે ને ઊંઘેલા જાગે માંહે ધીના લોહા વાગેરે—શુ.
માસ અષાડમાં મેહ જેમ પડે, એમ ધી માતાજીને ચડેરે—શુ.
ઘણી ઝડીમાં જેવી વિજળી, ઘણા ધીમાં છે પલ્લી તેવીરે—શુ.
ત્યાંથી ઉપડયાં પલ્લી માત, જે જગતજનની વિખ્યાતરે—શુ.
પછી શુકલાં નાહાળે આવ્યાં, ઘણા ધીએ માજીને નહાવ્યાંરે—શુ.
ત્યાંર પછી વ્યાસાંના માઢે આવે, ત્યાં શ્રીફળ ચડાવાને લાવેરે—શુ.
ઘણા લોકે ત્યા શ્રીફળ ચડાવ્યાં, પછી તરવાડીઆને માઢ આવ્યાં—શુ.
ત્યાં કુલ્લાંની શી ગણતરી, માટી ધીની ગઢીઓ, ભરીરે—શુ.
મોટી ઘઢીનો ઉંચી નવ થાય, ત્યારે ભોંયપર ઢોળી દેવાયરે—શુ.
ભાટવાડે રાજ વાડે સિધાવ્યાં, ત્યાં થઈને ચોકારીમા આવ્યારે—શુ
બહુ હર્ષે વધાવ્યાં છે માત, બોલ્યો કુકડોને પહોર રહી રાતરે—શુ.
ત્યાંથી રામજી મંદિરે આવે, ત્યાં ધી ઘણું માને ચડાવેરે—શુ.
ત્યાંથી પટેલ આશા માગે, પછી વાણીઆ પગે લાગેરે—શુ.
ત્યાંથી ભાંડસાને માઢે આવ્યાં, ખોડી આંબલી નીચે સોહાવ્યારે-શુ.
ચરૂ ભરેલા ત્યાંનો ન ફાવે, તેથી તપેલે ધી ચડાવેરે—સુ.
ઉપડયાં ત્યાંથી ચારે ફરે, આ શુકલા વિશ્રામ મુકામ થાવેરે—શુ.
વિસ મુકામ નથી કશા, ત્યાંથી રહ્યા વિશ્રાંત મુકામ આવીરે—શુ.

સૌએ મળી ઉઘાડયાં આવાર, પછી ગયાં પોતે ગામ બહારરે—શુ.
વખત રહ્યો છે રાત ઘડીપાંચ, ગયાં બોલચુવાણું જોવા સાચરે—શુ.
નારી દર્શન કરીને ઘેર ગઇ, મોટા મેદાનમાં પલ્લી ઉભી રહીરે—શુ.
થઇ બાર માસમાં જે બીના, તે કહેશે સુવાણ સહુ લીનારે—શુ.
પૂછયો પારને વાત સહુ જાણી, પછી પાછું મોઘાને પાણીરે—શુ.
તામડગોળ ત્યાંથી ઉપડ્યાં છે માતા, આવ્યાં મંડપમાં સુખદાતારે—શુ.
મન મોહ્યું મંડપમાં આવ્યાં, સહુ ભક્તોને દીલ ભાવ્યાંરે—શુ.
રહ્યાં સનમુખ દેવીની જ્યાંહી, પોતે પૂર્વ દિશાની માંહીરે—શુ.
રાત રહે છે ત્રણ ઘડી ત્યારે, પણ ઉભો રવિજાણે આત્યારેરે—શુ.
જય બોલાવી સરોવરે જાય, પૂંગે ભૂગડાં માંહે કંઈક નહાયરે—શુ.
માના સાચુ પારખું જો જો, વરા ધીનાં બાળીને પોંછોરે—શુ.

સ્નાન કરીને તૈયાર થયા, દર્શન કરવા માજીને સ્થાન ગયા રે—શુ.
પુજા કરવા વખત જ્યારે થાય. સૌ માજીને મંડપે જાયરે—શુ.
રક્ષા કરજો અહો મુજ માતા, શામો સેવકને શુખસાતારે—શુ.
સવારે પછે પુજા કરી ત્યાંય, સૌ ગયું પોતાનું ઘર જ્યાંયરે—શુ.
સ્નાન કીધ થકી કંઇક થયા, ઘેર જઇ વાત કીધી ગયારે—શુ.
માનું પ્રત્યક્ષ પારખું દીઠું, કોઇ કહતો રોગ જેવું ન ગયું રે—શુ.
દશેરાનું સવાર થયું જ્યારે, લોક જાગીને ઉઠીયા ત્યારેરે—શુ.
ગામ પાછલ ધારા દીધી, ભાણુંમાં માંડી કીધીરે—શુ.
કંઇક દુઃખીઆનાં દુઃખ નાંખ્યાં કાપી, કંઇક આંધળાને આંખ-
માએ આપીરે—શુ.

કંઇક નિર્ધન લખેશરી કીધા, કઇના કોતરાને મા પુરી લીધારે—શુ.
હવે કહીને માત મારૂં આ, એકવાર દર્શન દો આયરે—શુ.
મણિશંકર સેવક માત જાણી, કાપો દુઃખ માતા દયા આણીરે—શુ.
વિશ્વનાથ સેવક છે તમારો, માજી મનને વિશે ધારોરે—શુ.
માત વડેચીના ગુણ ગાશે, તેતો અજિત સુખીઆ થાશેરે—શુ.

ઇતિશ્રી વરદાયનિની પલ્લીની શોભાનો ગરબો સંપુરણ

॥ બોલો શ્રી વરદાયની માતની જય ॥



માજીની સોભાનો ગરબો ૬ ઠો.

ધન બહુચર માત ગરબોને ગાવારે થઈ નતિમારી એ રાગ.

વરદાયનિનું દરશન કીજે, અહો નિશ સેવા તેની કીજે
ગાઉં સુણતો મુજપર માત રીઝે, ધન્ય વરદાયનિ કરસુદર્શન
હંશ ઉપર અસવારી
કઈ દૈતો ને નાંખ્યા મારી, માર્યો જયમલ પાંડવ ઉગારી
એવાં કામ કીધાં માતે ભારી ધન્ય વરદાયનિ કરશુ દર્શન
હંસ ઊપર અસવારી
સિધરાજ શરણુ આવ્યો તારે, મારા નગર જીતવા ગયો તારે.
સુણ્યું વિનતીને માત ચડયાં વારે ધન્ય વરદાયનિ.
શોભીત દેવળ છે. અતિભારી, સોને સીખર અતિહીતકારી
માના ગોખ ઊપર જાઉ બલિહારી—ધન્ય વરદાયનિ.
શોભે ગણપતિ ભૈરવ રાજા, બે છડીદાર ઓપે તાજા.
છે મંડપને ત્રણ દરવાજા. ધન્ય વરદાયનિ.
સરોવર મંડપથી છે ડાબુ, પાણી નિરમળને અતિશય સાખુ
દરવાજા પરદીસે ધાબુ—ધન્યવરદાયનિ
ચોફેર પડાળી સોભે છે, દર્શન કરવા મન લોભે છે.
જોઈ મુનીવર મોટા થોભે છે—ધન્ય વરદાયનિ.
વાડીમાં જવા બારી મેલી, મંડપે હાંડી લટકાવેલી.
સનમુખ છે પલ્લી અલબેલી—ધન્ય વરદાયનિ.
બેઆંજી વચમાં મૂર્તિ છે, શોભા તેની સૌ પુરતી છે.
નિજ ભક્તોપર નિત્ય સ્ફૂર્તિ છે.—ધન્ય વરદાયનિ.
માયે આભુષ પહેર્યા ભારી, પહેર્યાં પાટીઆ દામણી જાળીઆળી.
માના મુખારવિંદે હદવાળી—ધન્ય વરદાયનિ.
પાએ કલ્લી સાંકળી છે કાળી, માની વેંણુ શેષ સરખી લાંબી.
માએ ઓઢી છે ચુંદડી લાંબી—ધન્ય વરદાયનિ.
ખરા ચિત્તથી ગરબો જે ગાશે, મનના મનોરથ સિધ થાસે.
મણીશંકર માત તણો દાસ—ધન્યવરદાયનિ.

ઈતિશ્રી વરદાયનિ માતાનો શોભાનો ગરબો સંપુરણ.